## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




ડેડી હું પણ મોદી ભક્ત છું... એમની જેમ એ જ જગ્યા પર હું ફેઈલ થઈ બીજું વર્ષ કાઢવાનું મારું પ્લાનીંગ હતું...

# ગાંધીનગરના ચકચારી સિરિયલ કિલર કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપાઈ

## શકમંદ પાછળ બે લાખનું ઈનામ જાહેર કરાયુ છે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર આસપાસમાં એક જ મોડસ ઓપરેન્ડીથી ત્રણ-ત્રણ મર્ડર કરનારા સિરિયલ કિલરનો કેસ હવે ગુજરાત પોલીસ માટે શિરદર્દ બની ગયો છે. હવે આ મુદ્દાને રાજ્યનાં પોલીસ વડાએ ગંભીરતાથી લઈને સમગ્ર કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપી દીધી છે. સીઆઈડી ક્રાઈમનાં સાત પોલીસ અધિકારીઓની એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવાઈ છે. ડીજીપી શિવાનંદ ઝા અને સીઆઈડી ક્રાઈમ ડીજીપી આશિષ ભાટીયાના સુપરવિઝનમાં હવે આ કેસની તપાસ ૧ એડીજીપી, ૨ એસપી, ૩ ડીવાયએસપી અને ૨ પીઆઈની ટીમ કરશે.

**સીઆઈડી ક્રાઈમની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમમાં કોણ હશે?**
અજય તોમર, એડીજીપી
રાજેશ ગઠીયા, એસપી
વિરેન્દ્રસિંહ યાદવ, એસપી
શૈલેષ રઘુવંશી, ડીવાયએસપી
જે. ડી. પુરોહીત, ડીવાયએસપી
કે. બી. રાજવી, પીઆઈ
જે. એચ. દહીયા, પીઆઈ

ગાંધીનગરમાં ૧૪ ઓક્ટોબર ૨૦૧૮થી આ હત્યારાએ હત્યા કરવાનો સીલસીલો શરૂ કર્યો હતો. જેમાં અડાલજ પાસેના દંતાલી ગામની સીમમાં ગામના જ ૬૦ વર્ષીય માલધારી જયરામભાઈ રબારીની ગોળી મારીને હત્યા કરાઈ હતી. લૂંટ વિથ મર્ડરની આ ઘટના બાદ ૯ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ કોબા ગામ નજીક પ્રેક્ષા વિશ્વ ભારતી પાસે લોખંડ-કપચીના ૭૫ વર્ષીય વેપારી કેશવલાલ દ્વારકાદાસ પટેલની પણ ગોળી મારીને હત્યા થઈ હતી. બંને કેસની અલગ-અલગ તપાસ વચ્ચે ૨૬ જાન્યુઆરીના દિવસે શેરથામાં ૪૫ વર્ષીય જુઠાજી મગનજી ઠાકોરની માથામાં ગોળી મારી હત્યા કરી ૧૧ તોલા સોનાની લૂંટ કરાઈ હતી. એક જ મોડસ ઓપરેન્ડીથી ત્રણ-ત્રણ હત્યા બાદ કોઈ સિરિયલ કિલર હોવાનું લાગતા સમગ્ર કેસની તપાસ માટે ગાંધીનગર એસપીએ એસઆઈટી બનાવી હતી.






તો બીજી તરફ એટીએસ અને અમદાવાદ ક્રાઈમ જેવી એજન્સીઓ પણ અત્યાર સુધી આ કેસમાં કિલરને પકડવા મથી રહી છે. આમ છતાં કિલર અંગે કોઈ કડી હાથ ન લાગતા આખરે રાજ્યપોલીસ વડાએ આ કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપી છે. નોંધનીય બાબત એ છે કે આ ગુનામાં એક ચાની કિટલી પાસેથી શકમંદનાં સીસીટીવી ફુટેજ પોલીસને મળ્યા હતા. તેના આધારે સમગ્ર તપાસ ચાલી રહી છે. આ શકમંદની માહિતી આપનારને રૂ.૨ લાખનું ઈનામ આપવાની જાહેરાત પણ થઈ ચુકી છે.

# મનપામાં ક્લાર્કની ભરતીમાં ભ્રષ્ટાચાર થવાની શંકા વ્યક્ત કરતા બિહોલા

## ભરતી પ્રક્રિયા પારદર્શક બનાવવા માંગ : જી.ટી.યુ.ને પરીક્ષા માટે આપેલ નાણાં વ્યર્થ જવાની ભીતિ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૫૦ જેટલા જુનિયર ક્લાર્કની ભરતીમાં ભ્રષ્ટાચાર થવાની શંકાઓ આજે વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ વ્યક્ત કરી છે. તેમણે કમિશ્નરશ્રીને આ મુદ્દે લખેલા પત્રમાં આ શંકાઓના વ્યાજબીપણા અંગેના સ્પષ્ટ કારણો લખી ભરતીની પ્રક્રિયાને પારદર્શક બનાવવા માટેની માંગ કરી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ભરતી પ્રક્રિયાની સંપૂર્ણ કામગીરી જીટીયુને આપવામાં આવી હતી, થોડા સમય પહેલા જીટીયુ દ્વારા પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોની યાદી મનપામાં મોકલી આપવામાં આવેલ છે. સરકારના નિયમ મુજબ તમામ ભરતી પ્રક્રિયાઓ સરખી હોવી જોઈએ, ભરતી પ્રક્રિયામાં લેખિત પરીક્ષા લેવાયા બાદ લેખિત પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોને કમ્પ્યુટર ટાઈપીંગની પરીક્ષા આપવાની હોય છે. ત્યારબાદ આ બંને પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોનું મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવે છે, પરંતુ જીટીયુએ મહાનગરપાલિકા પાસેથી ભરતી પ્રક્રિયા માટે અધધ રૂપિયા લીધા પછી પણ લેખિત પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોની કમ્પુટર પરીક્ષા ના લીધી તે ખુબ જ નવાઈ પમાડે તેવી બાબત છે. હવે મહાનગરપાલિકા દ્વારા ૫૦ ક્લાર્કની જગ્યા સામે લેખિત પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોમાંથી ૧૫૦ ઉમેદવારોને ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવ્યા છે.

ભરતી પ્રક્રિયાના નિયમ મુજબ કમ્પુટર પરીક્ષા આપ્યા બાદ મેરીટ લીસ્ટ બને અને ત્યારબાદ ઉમેદવારોને એપોઈમેન્ટ આપતી વખતે ડોક્યુમેન્ટ વેરીફીકેશનની પ્રક્રિયા કરવી જોઈએ. પરંતુ, ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કમ્પુટર પરીક્ષા લીધા પહેલા જ ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવ્યા છે, અને ત્યારબાદ કમ્પ્યુટરની પરીક્ષા લેવામાં આવશે. આ ઉપરથી કમ્પુટરની પરીક્ષામાં મોટુ કૌભાંડ થવાનું હોય તેવું જણાઈ આવે છે. આ ઉપરાંત કમ્પુટરની પરીક્ષા માટે અલગથી એજન્સીની નિમણુંક કરવામાં આવશે અને આ પાછળ પણ મનપા દ્વારા જીટીયુને ભરતી પ્રક્રિયા માટે આપવામાં આવેલ રૂપિયા ઉપરાંતનો ખર્ચ કરવામાં આવશે, આ પણ એક મોટું કૌભાંડ જ જણાઈ આવે છે. સરકારના નિયમ તેમજ ગૌણ સેવાના ભરતીની નિયમ મુજબ લેખિત પરીક્ષા બાદ લેખિત પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોની કમ્પ્યુટર પરીક્ષા લીધા બાદ બંને પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોનું મેરીટ લીસ્ટ બનાવીને પસંદ થયેલ ઉમેદવારોને એપોઈમેન્ટ આપતી વખતે ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવુ જોઈએ. પરંતુ મહાનગરપાલિકા તંત્ર તો આ નિયમોની તદન વિરૂદ્ધ જઈને વિપરીત દિશામાં ભરતી કરવામાં આવી રહી છે, આ ઉપરથી મનપા દ્વારા ભરતી પ્રક્રિયામાં મોટો ભ્રષ્ટાચાર થવાની સંભાવનાઓ જણાઈ આવે છે. આ બાબતની તપાસ કર્યા બાદ ભરતી પ્રક્રિયાને પારદર્શક બનાવવી જોઈએ તેવી મારી સ્પષ્ટ માંગ છે.

# સ્મૃતિ ઈરાની રાજ્યસભાની બેઠક છોડશે નહિ : રાજકીય બજારમાં ચર્ચા

ગાંધીનગર, તા. ૩૧

સ્મૃતિ ઈરાની ગુજરાતના સાંસદ તરીકેની જ ભૂમિકા નિભાવશે અને અમેઠીની બેઠક પરથી રાજીનામુ આપશે તેવી ચર્ચાઓએ આજે પાટનગરના રાજકીય વર્તુળોમાં સ્થાન લીધુ છે. ગુજરાતમાં રાજ્યસભાની જો બે બેઠક ખાલી થાય તો એક બેઠક કોંગ્રેસને ફાળે જાય તેવુ રાજકીય ગણિતજ્ઞોનુ માનવુ છે. હાલ ગુજરાતમાં જો કોંગ્રેસને રાજ્યસભામાં વિજય પ્રાપ્ત થાય તો તે પુનઃ એકવાર રાજ્યમાં તાકાતવાર બની ઉભરી શકે છે. પરિણામ જાહેર થયાના ૧૩ દિવસમાં કયુ સભ્ય પદ રાખવુ તે અંગેની સભ્યએ પસંદગી કરવાની હોય છે આથી સ્મૃતિ ઈરાની ગુજરાતમાંથી રાજ્યસભાની બેઠક ખાલી નહિ કરે પણ અમેઠીની બેઠક પરથી રાજીનામુ આપી શકે છે.

અમેઠી બેઠકની પેટા ચૂંટણી માટે ૬ માસનો સમય પણ છે અને જે રીતે દેશભરમાં લોકસભાની ચૂંટણીના પરિણામોમાં મોદી લ્હેર જોવા મળી છે તેનો લાભ પેટા-ચૂંટણીમાં ભાજપને જ થાય. બીજુ રાજ્યસભામાં કોંગ્રેસની બેઠકોની સંખ્યામાં વૃદ્ધિ થાય તે ભાજપને પરવડી શકે તેમ પણ નથી આથી સ્મૃતિ ઈરાનીના નિર્ણયની જાહેરાત કેન્દ્રીય મોવડીમંડળ દ્વારા જ થશે તેવી વાતો પણ આ વર્તુળો કરી રહ્યા છે. હાલ ગુજરાતમાં કોંગ્રેસ તોડવાની વાત પર પક્ષની નેતાગીરી મૌન છે અને વધુ પેટા ચૂંટણીઓ ગુજરાતમાં થાય તે પણ ઈચ્છતુ નથી એટલે સ્મૃતિ ઈરાની ગુજરાતના સાંસદ જ રહેશે તેમ મનાઈ રહ્યુ છે.



ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીના કાર્યાલયમાં વર્ગ-૪ ના કર્મયોગી ફુલાજી ઠાકોર ૩૮ વર્ષની નોકરી પછી આજે વયમર્યાદાને લઈ નિવૃત થતાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષાબેન પટેલ અને કર્મચારીઓ દ્વારા ભાવભીની વિદાય અપાઈ હતી તે પ્રસંગની તસવીર.

# સાણંદ પાસે વ્યાજખોરો દ્વારા કોન્ટ્રાક્ટરની ક્રુર હત્યા

અમદાવાદ, તા.૩૧

સાણંદ નજીક આવેલ માધવનગર ગામે રહેતા યુવકનું ગઈકાલે રાતે અપહરણ કરી હત્યા કરી હોવાની ઘટના સામે આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. વ્યાજે આપેલા પૈસાની તકરારમાં વ્યાજખોરોએ કોન્ટ્રાકટર યુવકનું અપહરણ કરી તેનું કાસળ કાઢી નાંખ્યું હતુ તેની લાશને માધવનગર બસ સ્ટેન્ડ પાસે ફેંકી ફરાર થઈ ગયા હતા. સાણંદ પોલીસે આ સમગ્ર પ્રકરણમાં ચાર આરોપીઓ વિરૂધ્ધ અપહરણ, હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. વ્યાજખોરોએ મરનાર યુવકે વ્યાજે લીધેલા રૂપિયા નહી ચૂકવતા તેનું ગાડીમાં અપહરણ કરી અજ્ઞાત સ્થળે લઈ જઈ લાકડી અને ધોકા વડે માર મારી હત્યા કરી નાખી હતી. ત્યારબાદ લાશને માધવનગર બસ સ્ટેન્ડ નજીક ફેંકી ફરાર થઈ ગયા હતા. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં વિગતો સામે આવી હતી કે, મૂળ રાજસ્થાનનો સિકરના ઉટડી ગામનો રહેવાસી અને હાલમાં અમદાવાદ વિરમગામ હાઈવે પર સાણંદ નજીક આવેલા માધવનગર ગામમાં રહેતો સુમેરસિંહ મીણા ફ્લોરિંગ ટાઈલ્સનો કોન્ટ્રાક્ટર હતો. સુમેરસિંહે સાણંદના ગોધાવી ગામમાં રહેતા યોગેશ વાઘેલા નામના યુવક પાસેથી વ્યાજે બે લાખ રૂપિયા લીધા હતા. તેના વ્યાજની ચૂકવણીમાં આઘાપાછી થતા વ્યાજખોર યોગેશ અને તેના ત્રણ મિત્રોએ મળીને ગઈ મોડી રાત્રે સુમેરસિંહનું કારમાં અપહરણ કર્યું હતું અને અજાણી જગ્યા લઈ તેને મારમારી હત્યા કરી નાખી હતી. વહેલી સવારે લાશને માધવનગર બસ સ્ટેન્ડ પાસે ફેંકી ફરાર થઈ ગયા હતા.






# વિદ્યાર્થીઓને એલસી આપી દેવાતાં વાલીઓનો હોબાળો

## જય સોમનાથ સ્કૂલની દાદાગીરીને લઇ આક્રોશ : સ્કૂલ દ્વારા ધોરણ-૧૦માં ઓછા ટકા આવેલા વિદ્યાર્થીને ધોરણ-૧૧માં એડમીશન આપવાનો ઇન્કાર કરી દેવાયો

અમદાવાદ,તા. ૩૧

શહેરના ખોખરામાં વિસ્તારમાં આવેલી જય સોમનાથ સ્કૂલના સંચાલકોની દાદાગીરી આજે સામે આવતાં મામલો ગરમાયો હતો. શાળાના જ ધોરણ-૧૦માં ઓછા ટકા આવેલા વિદ્યાર્થીઓને આગળ ધોરણ-૧૧માં એડમીશન આપવાનો ઈન્કાર કરી ઉલ્ટાનું ૧૫ જેટલા વિદ્યાર્થીઓને અચાનક એલસી પકડાવી દેવાતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આક્રોશ ભભૂકી ઉઠયો હતો.

સ્કૂલ સત્તાવાળાઓના આ પ્રકારના મનસ્વી અને દાદાગીરભર્યા વલણને લઈ વાલીઓ મોટી સંખ્યામાં સ્કૂલ પર ઉમટયા હતા અને ધરણાં-દેખાવો સાથે સ્કૂલ ખાતે જોરદાર હોબાળો મચાવ્યો હતો. જય સોમનાથ સ્કૂલની બહાર વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા વિરોધ પ્રદર્શનને લઈ સમગ્ર મામલો ગરમાયો હતો. તો સ્થાનિક વિદ્યાર્થી સંગઠન પણ વાલીઓના વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા અને સ્કૂલ સત્તાધીશોના મનસ્વી વલણને વખોડી કાઢયું હતું.

ખોખરાની જય સોમનાથ સ્કૂલે ધોરણ-૧૦માં ઓછા ટકાથી પાસ થયેલા બી-ગ્રેડના વિદ્યાર્થીઓને ધોરણ-૧૧માં પ્રવેશ નહી આપતા અને તેઓને એલસી પકડાવી દેતાં વિદ્યાર્થીઓ ચોંકી ઉઠયા હતા. આ વાતની જાણ તેમના વાલીઓને થતાં વાલીઓ પણ બગડયા હતા અને ભારે રોષ સાથે સ્કૂલ પર પહોંચ્યા હતા. વાલીઓએ મોટી સંખ્યામાં એકત્ર થઈ સ્કૂલ સત્તાધીશો સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યા હતા અને શાળાની બહાર જ વાટકા લઈ એડમિશન ભીખમાં આપો તેવા નારા લગાવ્યા હતા. વાલીઓના વિરોધ અને હોબાળાને લઈ સમગ્ર વિવાદ ગરમાયો હતો. દરમ્યાન ખોખરા વોર્ડ કોંગ્રેસ પ્રમુખ અપૂર્વ પટેલે જણાવ્યું હતું કે, જય સોમનાથ સ્કૂલમાં ધોરણ-૧થી ૧૦માં અભ્યાસ કર્યા બાદ ઓછા ટકા આવ્યા હોય તો તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો નથી. અગાઉ સ્કૂલે વિદ્યાર્થીઓને ફોર્મ ભરીને મેરિટ પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે તેવું જણાવ્યું હતું. પરંતુ વહેલા તે પહેલાના ધોરણે અન્ય વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દીધો છે. જેથી એડમિશન ફૂલ થઈ ગયા છે તેવું સ્કૂલે જણાવ્યું હતું. સ્કૂલ સત્તાધીશો વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો ઈનકાર કરી શકે નહી અને એલસી પકડાવી દેવા તો ગેરવાજબી વાત કહી શકાય.



જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ ગાંધીનગરના સહયોગથી ચંદ્રાલા ગામે પીવાના પાણી માટે ઓવરહેડ ટેન્ક તેમજ સમ્પ બનાવવાની કામગીરીનો સરપંચ વિનોદભાઈ પટેલના હસ્તે ભૂમિપૂજન કરાવી પ્રારંભ કરવામાં આવ્યો છે. ગામમાં નવીન પી.વી.સી. પાઈપલાઈન પણ નાખવામાં આવી રહી હોવાનું પંચાયતની અખબારી યાદીમાં જણાવાયુ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**જાહેર નિવિદા**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જલસેવા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગ ખાતે કેબીન તથા કેબીનના ટોઈલેટ રીનોવેશનના કામોનું ટેન્ડર સરકારી માન્ય રજીસ્ટ્રેશન ધરાવતી એજન્સી પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડર ફી રૂ. ૯૦૦/- પ્રતિ ટેન્ડર બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવ્યેથી તા. ૬/૬/૨૦૧૯ સુધીમાં ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ભાવો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ / સ્પીડ પોસ્ટ મારફતે કાર્યપાલક ઈજનેરશ્રી, મરામત અને નિભાવણી શાખા, ગુ.પા.પુ. અને ગ. વ્ય. બોર્ડ, 'જલસેવા ભવન', સેક્ટર-૧૦/એ, ગાંધીનગરને મોડામાં મોડા તા. ૧૩/૬/૨૦૧૯ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. વિસ્તૃત વિગતો ઉપરોક્ત સરનામે કચેરી સમય દરમિયાન મેળવી શકાશે.

માહિતી/૧૫૯/૧૯-૨૦